**JUDGEMENT** **Juivenile Inq. Case No. 04/2025**

| | | | |
|---|---|---|---|
| **દાખલ તારીખ:** | ૨૮/૦૧/૨૦૨૫ | | |
| **નોંધ્યા તારીખ:** | ૨૮/૦૧/૨૦૨૫ | | |
| **ફેંસલ તારીખ:** | ૦૮/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો:** | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**<u>ફોર્મ–એ</u>**

| | |
|---|---|
| **<u>મે. સુરેન્દ્રનગરના પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ,</u>**<br>**<u>મુ. સુરેન્દ્રનગર.</u>**<br>**(ચુકાદાની તારીખ: ૦૮/૦૭/૨૦૨૬)**<br>**જુવેનાઈલ ઈન્કવાયરી કેસ નંબર : ૦૪/૨૦૨૫**<br>**સુરેન્દ્રનગરના વઢવાણ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર્ડ નં.:**<br>**૧૧૨૧૧૦૫૫૨૪૦૪૬૨/૨૦૨૪**<br>**આંક: ___** | |
| **ફરીયાદી** | વનરાજસિંહ નાનજીભાઈ પરમાર |
| **રજુઆત કરનાર** | ફરિયાદના તર્ફે વિ.એ.પી.પી. શ્રી ટી.બી.સોલંકી |
| **કા.સં.આ.બા.** | (૧) XXXXX<br>[redacted]<br>[redacted] જી. સુરેન્દ્રનગર. |
| **રજુઆત કરનાર** | જુવેનાઈલના વાલી તર્ફે વિ.વ.શ્રી ડી.બી.ચૌહાણ |

**<u>ફોર્મ–બી</u>**

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | ૧૧/૦૮/૨૦૨૪ |
| **એફ.આઈ.આર. દાખલ તારીખ** | ૧૧/૦૮/૨૦૨૪ |
| **ચાર્જસીટ રજુ કર્યા તારીખ** | ૧૬/૦૮/૨૦૨૪ |

| | |
|---|---|
| **તોહમતનામું ઘડવામાં આવેલાની તારીખ** | ૦૨/૦૫/૨૦૨૫ |
| **પુરાવો શરૂ થયા તારીખ** | ૦૨/૦૫/૨૦૨૫ |
| **ચુકાદો અનામત રાખવામાં આવ્યા તારીખ** | |
| **ચુકાદાની તારીખ** | ૦૮/૦૭/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો હોય તો,** | |

**કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની વિગત**

| **કા.સં.આ.બા. નંબર** | **કા.સં.આ.બા.નુ નામ** | **ડીટેઈનની તારીખ** | **જામીન મુકત તારીખ** | **કયા ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ** | **નિર્દોષ કે દોષિત** | **સજા જે ફરમાવવામાં આવેલ હોય** | **ક્રિ.પ્રો.કો.ની કલમ ૪૨૮ના હેતુ માટે, ટ્રાયલ દરમ્યાન જેટલો સમય કેદમાં રહેલ** |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | XXXX | ૧૧/૦૮/૨૦૨૪ | ૧૧/૦૮/૨૦૨૪ | જુગાર ધારા કલમ ૪,૫ મુજબ | – | – | – |

==================================================

| |
|---|
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી ટી.બી.સોલંકી<br>કા.સં.આ.બા. તરફે વિ.વ.શ્રી ડી.બી.ચૌહાણ |

==================================================

**: : જ જ મે ન્ટ : :**

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, તમો તા. ૧૦/૦૮/૨૦૨૩ ના કલાક ૨૩.૩૦ વાગ્યે નાના કેરાળા ગામના પાટીયા પાસે રોડ ઉપર એવી રીતે કે આ કામના અન્ય આરોપી પોતાના કબ્જા હવાલાવાળી

બસ રજીસ્ટર્ડ નં. જીજે.૦૨.ડબલ્યુ.૦૦૯૨ વાળીમા આરોપી નં. ૨ થી આરોપી નં. ૬ તથા તમોને બોલાવી પોતાના અંગત ફાયદા સારૂ નાળ ઉઘરાવી ગંજી પાના વડે પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમાડી બસમા જુગારનો અખાડો ચલાવી બસનો જુગાર રમવા ઉપયોગ કરી રેઈડ દરમ્યાન રોકડા રૂ. ૧૮,૬૮૦/– તથા મોબાઈલ નંગ ૮ કિંમત રૂ. ૫૩,૫૦૦/– તથા બસ રજીસ્ટર્ડ નં. જીજે.૦૨.ડબલ્યુ.૦૦૯૨ કિંમત રૂ. ૮,૦૦,૦૦૦/– તથા ગંજી પાનાના પાના નંગ ૫૨(બાવન) કિંમત રૂ. ૦૦/– મળી કુલ રૂ. ૮,૭૨,૧૮૦/– ના મુદ્દામાલ સાથે બધા ઈસમો જુગાર રમતા પકડાઈ જઈ જુગારધારા કલમ: ૪, ૫ મુજબનો ગુનો આચરેલ છે. શિક્ષાપાત્ર ગુન્હાની થયેલી ફરિયાદ આધારે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક વિરૂધ્ધ હાલનું ઈન્કવાયરી ચાર્જ શીટ સજાને પાત્ર ગુનાની કાર્યવાહી માટે હાલની ફરીયાદ આપેલ છે.

(૨) સદર કામમાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક વિરૂધ્ધ સુરેન્દ્રનગર ના વઢવાણ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર્ડ નં. ૧૧૨૧૧૦૫૫૨૪૦૪૬૨/૨૦૨૪ થી જુગારધારા કલમ: ૪,૫ મુજબની ફરીયાદ દાખલ થતાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક તર્ફે યોગ્ય જામીન રજૂ થયેથી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને જામીન મુકત થયેલ.

(૩) સદર કામે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને ધોરણસરની સમન્સ ની બજવણી થઇ જતાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક તથા તેના વાલી હાજર થતા તેમને પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયા બાદ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક વિરૂધ્ધ આંક:૦૩ થી પ્લી નોંધી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના વાલીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ફરિયાદ પક્ષના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) સદર કામમાં ફરીયાદપક્ષ દ્વારા તેઓનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**ફરિયાદપક્ષે મૌખિક પુરાવાઓનું લિષ્ટઃ**

| ક્રમ નં. | નામો | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી વનરાજસિંહ નાનજીભાઈ ની સોગંધ પર જુબાની | ૧૯ |
| ૨ | પંચસાહેદ મોહસીનભાઈ અબ્બાસભાઈ ની સોગંદ પર જુબાની | ૧૨ |

| | | |
|---|---|---|
| ૩ | પંચસાહેદ અનિરૂધ્ધસિંહ શુરૂભાની સોગંદ પર જુબાની | ૨૩ |

## દસ્તાવેજી પુરાવાઓનું લિષ્ટઃ

| ક્રમ નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | રેડ કર્યા અંગેનું પંચનામું | ૧૩ |
| ૨ | જુગારધારા કલમઃ ૬ મુજબનું વોરંટ | ૨૦ |
| ૩ | ફરીયાદની ખરી નકલ | ૨૧ |
| ૪ | કા.સં.બા.નું જન્મનું પ્રમાણપત્ર | ૨૨ |

ફરિયાદપક્ષ ધ્વારા આ સિવાય કોઈ સાક્ષી પુરવા રજુ કરવામાં આવેલ નથી.

(૫) આ કામે ફરીયાદપક્ષના પુરાવાને આધારે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના વાલીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) સદર કેસના ન્યાયીક નિર્ણય માટે આ બોર્ડ સમક્ષ નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્ધા ::–**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તમો તા. ૧૦/૦૮/ ૨૦૨૩ ના કલાક ૨૩.૩૦ વાગ્યે નાના કેરાળા ગામના પાટીયા પાસે રોડ ઉપર એવી રીતે કે આ કામના અન્ય આરોપી પોતાના કબ્જા હવાલા વાળી બસ રજીસ્ટર્ડ નં. જીજે.૦૨.ડબલ્યુ.૦૦૯૨ વાળીમા આરોપી નં. ૨ થી આરોપી નં. ૬ તથા તમોને બોલાવી પોતાના અંગત ફાયદા સારૂ નાળ ઉઘરાવી ગંજી પાના વડે પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમાડી બસમા જુગારનો અખાડો ચલાવી બસનો જુગાર રમવા ઉપયોગ કરી રેઈડ દરમ્યાન રોકડા રૂ. ૧૮,૬૮૦/– તથા મોબાઈલ નંગ ૮ કિંમત રૂ. ૫૩,૫૦૦/– તથા બસ રજીસ્ટર્ડ નં. જીજે.૦૨.ડબલ્યુ.૦૦૯૨ કિંમત રૂ. ૮,૦૦,૦૦૦/– તથા ગંજી પાનાના પાના નંગ ૫૨(બાવન) કિંમત રૂ. ૦૦/– મળી કુલ રૂ. ૮,૭૨,૧૮૦/– ના મુદ્ધામાલ સાથે બધા ઈસમો જુગાર રમતા પકડાઈ જઈ જુગારધારા કલમઃ ૪, ૫ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે?

૨. **શું હુકમ ?**

(૭) ઉપરોકત મુદ્ધા પરત્વેના આ બોર્ડના નિર્ણય નીચે મુજબ છે.

**–:: નિર્ણય ::–**

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ

(૮) ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે.

**-:: કારણો ::-**

**મુદ્દા નં. ૧ અને ૨ ના સંયુકત તારણોઃ: -**

**(૯) ફરિયાદીઃ**

આ કામે ફરિયાદપક્ષે આંક:૧૯ થી ફરિયાદી વનરાજસિંહ નાનજીભાઈ પરમારનાઓને ફરીયાદી તરીકે તપાસેલા છે. સદર ફરીયાદીએ પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ગઈ કાલ તા. ૧૦/૦૮/૨૦૨૪ ના રોજ રાત્રીના સાડા દશેક વાગ્યાની આસ પાસ અમો તથા પોલીસ કોન્સ્ટેબલ અજયસિંહ છગનભાઈ તથા જયપાલસિંહ સુરૂભા તથા દિપકભાઈ ચુનીલાલ તથા અરવિંદભાઈ રામસંગભાઈ વિગેરે સ્ટાફના માણસો પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી આર.એચ.ઝાલા સાહેબ સાથે પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્ટાફ ને અગાઉથી ખાનગી રાહે હકીકત મળેલ કે હરેશભાઈ પ્રેમજીભાઈ જાદવ જાતે. દલવાડી રહે. વઢવાણ આર્યસમાજ મંદિર પાસે પોતાની કબ્જા હવાલાવાળી મીની ટ્રાવેલ્સ બસ રજીસ્ટર્ડ નં. જીજે.૦૨. ડબલ્યુ.૦૦૯૨ માં પાછળની સીટોમાં ફેરફાર કરી બારીમાં કાપડના પડદા લગાવી બસમાં બહારથી માણસોને બોલાવી પોતાના અંગત ફાયદા સારૂ નાળ ઉઘરાવી ગંજી પાના વડે પૈસાની હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડી જુગારનો અખાડો ચલાવે છે અને સદરહુ બસ આજ રોજ લીંબડી બાજુથી વઢવાણ તરફ આવે છે જેથી હકિકત વાળી બસમાં જુગાર અંગે રેઈડ કરવા સારૂ નાયબ પોલીસ અધિક્ષક સાહેબ સુરેન્દ્રનગર ડીવીઝન નાઓનું જુગારધારા કલમ: ૬ મુજબનું અગાઉથી વોંરટ નં. ૦૫/૨૦૨૪ તા. ૧૦/૦૮/૨૦૨૪ થી તા.૧૨/૦૮/૨૦૨૪ વાળુ મેળવેલ હોય જે કલમ ૬ મુજબનુ વોરંટ મેળવવા સારૂ પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી આર.એચ.ઝાલાનાઓએ નાયબ પોલીસ અધિક્ષકશ્રીને રીપોર્ટ કરેલ તેમજ કલમ: ૬ મુજબનુ વોરંટ મેળવી રેડ કરવા સારૂ સામેલ રાખેલ. જે કલમ: ૬ મુજબનુ વોરંટ આજરોજ મને બતાવવામા આવે છે. જેમા પોલીસ અધિક્ષકશ્રી વી.એમ.રબારી સાહેબ નાઓની સહી છે. જે આ કામે આંક:૨૦ થી રજુ છે. જેથી સદરહુ હકીકત

વાળી બસમાં પોલીસ સબ ઈન્સ્પેકટર આર.એચ. ઝાલાનાઓએ રેડ કરવા સારૂ બે પંચો (૧) અનિરૂધ્ધસિંહ સુરૂભા ઝાલા જાતે દરબાર ઉં.વ. ૨૧ રહે. વઢવાણ દાજીપરા પોલીસ સ્ટેશન સામે (૨) મોહસીન અબ્બાસભાઈ બાબીયા જાતે. ખાટકી ઉં.વ. ૨૨ રહે. વઢવાણ મન્સુરી વિસ્તાર પોલીસ લાઈન પાછળ વાળાઓને બોલાવી હકિકતની સમજ કરી જુગાર અંગે રેઈડ કરવા મેળવેલ જુગારધારા કલમ: ૬ મુજબના વોરંટનો સાર સમજાવી વોરંટ ઉપર પંચોની સહીઓ મેળવી લઇ પંચો તથા પોલીસની અરસ પરસ અંગ ઝડતી આપી પોલીસના ખાનગી વાહનોની ઝડતી તપાસ કરતા જુગારને લગતુ કોઈ સાહિત્ય મળી આવેલ નહિ હોય જેની ખાત્રી કરી જે અંગેનુ પ્રથમ ભાગનુ પંચનામુ કલાક ૨૨.૪૦ થી કલાક ૨૨.૫૫ વાગ્યા સુધીનુ પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી આર.એચ.ઝાલા સાહેબનાઓએ કરી લઈ પંચો તથા પોલીસના માણસો અલગ અલગ ખાનગી વાહનમાં બેસી વઢવાણ પોલીસ સ્ટેશનથી રવાના થઈ ખારવાની પોળ, ગંગાવાવ, લીંબડી રોડ ઉપર ચર માળીયા ચોકી થઈ નાના કેરાળા ગામના પાટીયા પાસે પહોંચતા કલાક ૨૩.૩૦ વાગ્યે લીંબડી બાજુથી સદરહુ હકિકત વાળી બસ રજીસ્ટર્ડ નં. જીજે. ૦૨.ડબલ્યુ.૦૦૯૨ વાળી આવતાં તુરંત જ સદરહુ બસને હાથના ઈશારાથી તેમજ વાહનો વડે કોર્ડન કરી રોકાવી સાઈડમાં પાર્ક કરાવી તુરંત જ પંચો સાથે બસમાં અંદર જતાં પાછળની સીટોમાં ફેરફેર કરી વચ્ચેના ભાગે મોટી ટેબલ સીટ બનાવેલ અને બસના કાચ ઉપર કાપડના પડદા લગાવેલ અને વચ્ચેની મોટી ટેબલ સીટની ફરતે બેસવા માટે સીટો ફિટ કરેલ અને આ સીટ ઉપર છ ઈસમો ગોળ કુંડાળું વળીને બેઠેલા જોવા મળેલ અને વચ્ચેના ભાગે પટ્ટમાં ગંજી પાનાના પાના તથા રૂપીયાની નોટો પડેલ જેથી તમામ ઈસમોને જેમના તેમ બેસી રહેવા સમજ કરી સદરહુ બસના માલીક કબ્જે હવાલેદાર બાબતે પુછતાં બસની ડ્રાઈવર સીટ ઉપર બેઠેલ ઈસમે પોતે પોતાનું નામ હરેશભાઈ પ્રેમજીભાઈ જાદવ જાતે. દલવાડી ઉં.વ.૪૩ રહે. વઢવાણ આર્ય સમાજ મંદિર પાસે કુલવાડી આંબલીવાળી શેરી વાળો હોવાનું જણાવેલ જેથી મજકુર ઈસમને મહે. નાયબ પોલીસ અધિક્ષક સાહેબ સુરેન્દ્રનગરનાઓનું જુગાર ધારા કલમ: ૬ મુજબના વોરંટનો સાર સંભળાવી પંચો રૂબરૂ વોરંટમાં સહિ મેળવી બસમાં પાછળના ભાગે જુગાર રમતા ઈસમોમાં પ્રથમ ઈસમનું નામ

ઠામ પુછતાં પોતે પોતાનું નામ ભરતસિંહ ઉર્ફે ધવલસિંહ ઉદયસિંહ મોરી જાતે. કારડીયા રાજપુત ઉં.વ.૨૪ રહે. વઢવાણ ખારવાની પોળ ગંડીયા હનુમાન પાસે વાળો હોવાનું જણાવેલ મજકુરના હાથમાંથી ગંજી પાનાના પાના નંગ ૩ કિંમત રૂ. ૦૦/– ના મળી આવેલ તેમજ અંગ ઝડતી કરતા શર્ટના ખીસ્સા માંથી રોકડા રૂ. ૧૯૫૦/– સેમસંગ કંપનીનો દૂધીયા કલરનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિંમત રૂ. ૧૦,૦૦૦/– નો મળી આવતાં તપાસ અર્થે કબ્જે કરેલ છે. બાદ બીજા ઇસમનું નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ ભરતભાઈ રવજીભાઈ લકુમ જાતે. દલવાડી ઉં.વ. ૪૧ રહે. વઢવાણ શિયાણી ની પોળ બહાર સતવારા પરા અંબાજી માંના ચોક પાસે વાળો હોવાનું જણાવેલ મજકુરના હાથમાંથી ગંજી પાનાના પાના નંગ ૩ કિંમત રૂ. ૦૦/– ના મળી આવેલ તેમજ અંગ ઝડતી કરતા શર્ટના ખીસ્સામાંથી રોકડા રૂ. ૩૩૮૦/– મળી આવેલ તેમજ પેન્ટના ખિસ્સા માંથી એક સિલ્વર કલરનો વીવો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂ. ૭૦૦૦/– નો મળી આવતાં તપાસ અર્થે કબ્જે કરેલ છે. બાદ ત્રીજા ઈસમનું નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ ધીરૂભાઈ કાનજીભાઈ ડોડીયા જાતે. દલવાડી ઉં.વ. ૪૦ રહે. વઢવાણ સતવારાપરા જુની ભોજન શાળા પાછળ વાળો હોવાનું જણાવેલ મજકુરના હાથમાંથી ગંજી પાનાના પાના નંગ ૩ કિંમત રૂ. ૦૦/– ના મળી આવેલ તેમજ અંગ ઝડતી કરતા શર્ટના ખીસ્સામાંથી રોકડા રૂ. ૧૫૫૦/– ખિસ્સામાંથી એક દૂધીયા કલરનો રેડમી કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિંમત રૂ. ૫૦૦૦/– નો મળી આવતાં તપાસ અર્થે કબ્જે કરેલ છે. બાદ ચોથા ઇસમનું નામઠામ પુછતા પોતે પોતાનુ નામ શકિતસિંહ મહિપતસિંહ નકુમ જાતે. કારડીયા રાજપુત ઉં.વ. ૨૪ રહે. વઢવાણ દાજીરાજ હાઈસ્કૂલ પાછળ વાળો હોવાનું જણાવેલ મજકુરના હાથમાંથી ગંજી પાનાના પાના નંગ ૩ કિંમત રૂ. ૦૦/– ના મળી આવેલ તેમજ અંગ ઝડતી કરતા શર્ટના ખીસ્સા માંથી રોકડા રૂ. ૩૦૫૦/– ખિસ્સામાંથી એક કાળા કલરનો વીવો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિંમત રૂ. ૮૦૦૦/– નો મળી આવતાં તપાસ અર્થે કબ્જે કરેલ છે. બાદ પાંચમા ઇસમનુ નામઠામ પુછતા પોતે પોતાનું નામ પંકજભાઇ મેરૂભાઈ ખાંદલા જાતે. દલવાડી ઉં.વ. ૨૭ રહે. વઢવાણ શિયાણી ની પોળ સાંકળી શેરી જયદેવ ગઢવીના ઘર પાસે વાળો હોવાનું જણાવેલ

મજકુરના હાથમાંથી ગંજી પાનાના પાના નંગ ૩ કિંમત રૂ. ૦૦/– ના મળી આવેલ તેમજ અંગ ઝડતી કરતા શર્ટના ખીસ્સામાંથી રોકડા રૂ. ૨૪૫૦/– મળી આવેલ તેમજ પેન્ટના ખિસ્સામાંથી એક દૂધીયા કલરનો વીવો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિંમત રૂ. ૫૦૦૦/– તથા બીજો કાળા–વાદળી કલરનો વીવો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિંમત રૂ. ૩૫૦૦/– નો મળી આવતાં તપાસ અર્થે કબ્જે કરેલ છે. બાદ છઠ્ઠા ઈસમનું નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ મહાવીર ભાઈ ભરતભાઈ લકુમ જાતે. દલવાડી ઉં.વ. ૧૭ માસ ૩ (જન્મ તા. ૨૬/૦૪/૨૦૦૭) રહે. વઢવાણ શિયાણીની પોળ બહાર સતવારાપરા અંબાજી માંના ચોક પાસે વાળો હોવાનું જણાવેલ મજકુરના હાથમાંથી ગંજી પાનાના પાના નંગ ૩ કિંમત રૂ. ૦૦/– ના મળી આવેલ તેમજ અંગ ઝડતી કરતા શર્ટના ખીસ્સામાંથી રોકડા રૂ. ૧,૯૦૦/– મળી આવેલ તેમજ પેન્ટના ખિસ્સામાંથી એક લાલ કલરનો એપલ કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિંમત રૂ. ૧૦,૦૦૦/– નો મળી આવતાં તપાસ અર્થે કબ્જે કરેલ છે. મજકૂર છએય ઇસમો બસમાં ગોળ કુંડાળુ વળી જુગાર રમતા હતા તે પટ્ટમાંથી રોકડા રૂ. ૭૦૦/– પાનાના પાના નંગ ૩૪ કિંમત રૂ. ૦૦/– ના મળી આવેલ જે ઉપરોકત તમામ મુદામાલ અલગ અલગ કવરમાં મુકી પંચોની સહી વાળી કાપલી મુકી પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે કરેલ છે. બાદ સદરહુ બસના કબ્જે હવાલેદાર હરેશભાઈ પ્રેમજીભાઈ જાદવ જાતે. દલવાડી ઉં.વ. ૪૩ રહે. વઢવાણ આર્યસમાજ મંદિર પાસે ફુલવાડી આંબલીવાળી શેરી વાળાની અંગ ઝડતી કરતાં તેના શર્ટના ખ્રિસ્સામાંથી રોકડા રૂ. ૩,૭૦૦/– મળી આવેલ જે રૂપીયા બાબતે પુછતાં સદરહુ જુગાર માં નાળના ઉઘરાવેલ હોવાનુ પંચો રૂબરૂ જણાવતા તપાસ અર્થે કબ્જે કરેલ છે તેમજ પેન્ટના ખિસ્સામાંથી એક વાદળી કલરનો વીવો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઇલ ફોન કિંમત રૂ. ૫૦૦૦/– નો મળી આવતાં તપાસ અર્થે કબ્જે કરેલ છે અને મજકુરને સદરહુ બસ રજીસ્ટર્ડ નં. જીજે.૦૨.ડબલ્યુ.૦૦૯૨ વાળીના માલીક બાબતે પુછતાં આ બસ કિર્તીસિંહ ભગવાનભાઈ સોલંકી જાતે કારડીયા રાજપુત રહે. વઢવાણ ખારવા રોડ હુડકો સોસાયટી વાળાના નામથી લીધેલ હોય અને આ બસ બે વર્ષથી પોતાની પાસે હોય અને બસના માલીક કબ્જે હવાલેદાર હોવાનું પંચો રૂબરૂ જણાવેલ અને મજકુરે આ બસનો

ઉપયોગ બહારથી માણસો બોલાવી પોતાના અંગત ફાયદા સારૂ ગંજી પાના વડે નાળ ઉઘરાવી જુગાર રમાડવા ઉપયોગ કરેલ હોય જેથી સદરહુ રજીસ્ટર્ડ નં. જીજે.૦૨.ડબલ્યુ.૦૦૯૨ વાળીની કિંમત રૂ. ૮,૦૦,૦૦૦/– ની ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે. બાદ આ કામે જુગાર રમતા મળી આવેલ મહાવીર ભાઈ ભરતભાઈ લકુમ જાતે. દલવાડી ઉ.વ. ૧૭ માસ ૩ (જન્મ તા. ૨૬/૦૪/૨૦૦૭) વાળો કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક હોય અને વાલી તરીકે તેના પિતા ભરતભાઈ રવજીભાઈ લકુમ હાજર હોય તેઓએ તેમના દિકરા કિશનભાઈ ભરતભાઈ લકુમ રહે. વઢવાણ શિયાણીની પોળ બહાર સતવારા પરા અંબાજી માંના ચોક પાસે વાળાને બોલાવી સદરહુ બાળકે કરેલ ગુના બાબતેની સમજ કરી નોટીસ પાઠવી સવારના પોલીસ સ્ટેશન હાજર રહેવા સમજ કરી તેના ભાઇ કિશનને સોપી આપેલ છે અને આ અંગેનું વિગત વારનું પંચનામું સાથેના પોલીસ સબ ઈન્સ્પેકટર આર.એચ.ઝાલાનાઓએ તા. ૧૦/૦૮/૨૦૨૪ કલાક ૨૨.૪૦ થી તા. ૧૧/૦૮/૨૦૨૪ ના કલાક ૦૦.૪૫ સુધીનુ કરેલ લઈ બાકીના છએય ઈસમોને ધોરણસર અટક કરેલ જે પંચનામુ આ કામે આંક:૧૩ થી રજુ છે. જે આજરોજ મને બતાવવામા આવે છે. જેમા પોલીસ સબ ઈન્સ્પેકટર આર.એચ.ઝાલાનાઓની સહી ઓળખી બતાવુ છુ. તો આ કામના આરોપી હરેશભાઈ પ્રેમજીભાઈ જાદવ જાતે. દલવાડી રહે. વઢવાણ આર્યસમાજ મંદિર પાસે કુલવાડી આંબલી વાળી શેરી વાળાએ પોતાના કબ્જા હવાલાવાળી બસ રજીસ્ટર્ડ નં. જીજે.૦૨.ડબલ્યુ. ૦૦૯૨ વાળીમાં આરોપી નં. ૨ થી ૬ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક ને બોલાવી પોતાના અંગત ફાયદા સારૂ નાળ ઉઘરાવી ગંજી પાના વડે પૈસાની હાર જીતનો તીન પત્તીનો જુગાર રમાડી બસમાં જુગારનો અખાડો ચલાવી બસનો જુગાર રમવા ઉપયોગ કરી રેઈડ દરમ્યાન રોકડા રૂ. ૧૮,૬૮૦/– તથા મોબાઈલ નંગ ૮ કિંમત રૂ. ૫૩,૫૦૦/– તથા બસ રજીસ્ટર્ડ નં. જીજે. ૦૨.ડબલ્યુ.૦૦૯૨ કિંમત રૂ. ૮,૦૦,૦૦૦/–તથા ગંજી પાનાના પાના નંગ ૫૨ કિંમત રૂ. ૦૦/– મળી કુલ રૂ. ૮,૭૨,૧૮૦/– ના મુદામાલ સાથે સાતેય ઈસમો જુગાર રમતા પકડાઈ જઈ ગુનો કરેલ હોય તમામ વિરૂધ્ધમા અમોએ જુગારધારા કલમ: ૪, ૫ મુજબ ધોરણસર થવા ફરીયાદ છે. જે ફરીયાદની ખરી નકલ આજરોજ મને બતાવવામા આવે છે. જેમા મારી સહી

છે. જે હુ ઓળખી બતાવુ છુ. જે આ કામે આંક:૨૧ થી રજુ છે. ત્યારબાદ વઢવાણ પોલિસ સ્ટેશને ગુન્હા રજીસ્ટર્ડ નં. ૨૪૦૪૬૨/૨૦૨૪ જુગારધારા કલમ: ૪, ૫ મુજબનો ગુન્હો રજીસ્ટર્ડ થઈ આગળની તપાસ અમોને સોંપતા તપાસ અમોએ સંભાળી લીધેલ. તપાસના કામે અમોએ રેડીંગ પાર્ટીના સાહેદોના નિવેદનો મેળવી તપાસના કામે સામેલ રાખેલ. જુવેનાઈલનુ પ્રોબેશન અધિકારીનો રીપોર્ટ મેળવવા તજવીજ કરવામા આવેલ. ત્યારબાદ જુવેનાઈલના ઉંમરના આધાર પુરાવા માટે તેનુ જન્મનુ પ્રમાણપત્ર મેળવી તપાસના કામે સામેલ રાખેલ. જે આ કામે આંક:૨૨ થી રજુ છે. ત્યાર બાદ જુવેનાઈલ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય વતણુક અહેવાલ તૈયાર કરી જુવેનાઈલ બોર્ડ સમક્ષ મોકલી આપેલ. જુવેનાઈલને જોયેથી ઓળખી શકુ છુ. જે આજ રોજ બોર્ડમા હાજર નથી. મુક્તિ રીપોર્ટ રજુ છે.

જુવેનાઈલ તર્ફે તેમના વિ.વ.શ્રી ડી.બી.ચૌહાણનાઓએ કરેલી ઉલટ તપાસમાં તેમણે એવી હકીકત જણાવેલી છે કે, એ વાત ખરી છે કે રેડ કરવા ગયેલ તેની સ્ટેશન ડાયરીમા નોંધ કરેલ નહી. એ વાત ખરી છે કે રેડ કરવા ખાનગી વાહનમા ગયેલા. એ વાત ખરી છે કે રેડ દરમ્યાન પંચોને સાથે રાખેલ નહી. એ વાત ખરી છે કે રેડ સ્કુલ બસમા કરેલી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે સ્કુલ બસમા વિધ્યાર્થી હોય છે. એ વાત ખરી છે કે જુવેનાઈલના કબ્જા માથી કોઈ રોકડ રકમ કબ્જે કરેલ નહી. એ વાત ખરી છે કે હાર જીત થતી હોય તેવુ મે જોયેલ નહી. એ વાત ખરી નથી કે જુવેનાઈલે કોઈ હાર જીત કે જુગાર રમી કે તેના કબ્જામાથી કોઈ મુદ્દામાલ લીધેલ હોય તેવુ બનેલ નથી.

**(૧૦) પંચસાહેદ:**

આ કામે ફરિયાદપક્ષે આંક:૧૨ થી આ કામના પંચસાહેદ મોહસીન ભાઈ અબ્બાસભાઈ બાબીયાનાઓને પોતાના સાહેદ તરીકે તપાસેલા છે. સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, આજથી આશરે વર્ષ પહેલા રોડેથી નીકળ્યો ત્યારે પોલીસે મને સહી કરવાનુ કહેતા મે સહી કરેલી. સહી કઈ બાબતની હતી તેની મને ખબર નથી. મેં કહી વાંચેલ નહિ પોલીસ એ કાઈ સમજાવેલ નહિ મારી હાજરીમાં કોઈ જુગારની રેડકરી આરોપીને અટક કરેલ હોય તેવુ બનેલ નથી. આજરોજ મને રેડના પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં. ૦૨ તરીકે મારી

સહી ઓળખી બતાવું છું. જે આ કામે આંક:૧૩ થી રજુ છે. આ સિવાય હું કશું જાણતો નથી.

તે તબબકે સાહેદ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય જેથી વિ.એ. પી.પી.શ્રી ટી.બી.સોલંકીનાઓએ ફરીયાદપક્ષના સાહેદને વિમુખ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા માટે પરવાનગી માંગતા સદર પરવાનગી આપેલ તેમાં વિ.એ.પી.પી.પી.શ્રી ટી.બી.સોલંકીનાઓએ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછેલ તેમાં તેમણે એવી હકીકત જણાવેલ કે, એ વાત ખરી નથી કે તા. ૧૦/૦૮/૨૦૨૪ ના કલાક ૨૨.૪૦ થી તા. ૧૧/૦૮/૨૦૨૪ ના કલાક ૦૦.૪૫ વાગ્યાના સમયગાળા દરમીયાન વઢવાણ પોલીસ સાથે બાતમી રાહે પંચનામાની વિગતવાળી જગ્યાએ રેડ કરી રેડ વાળી જગ્યાએથી છ ઈસમો મળી આવતા તેઓના નામઠામ પુછી લઈ તેઓનુ વિગતવારનુ વર્ણન લખી લીધેલ તેમજ રોકડા રૂ. ૧૮,૬૮૦/- મોબાઈલ નંગ ૦૮ કિંમત રૂ. ૫૩,૫૦૦/- જુગારને લગત સાહિત્ય પંચનામાની વિગતે કબ્જે કરેલ. એ વાત ખરી નથી કે પંચનામુ અમો પંચોના લખાવ્યા મુજબ બરોબર હોય વાચી સમજી સહી કરેલ હોવા છતા કા.સ.બા.ને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

**(૧૧) પંચસાહેદ:**

આ કામે ફરિયાદપક્ષે આંક:૨૩ થી આ કામના પંચસાહેદ અનિરૂધ્ધ સિંહ શુરૂભા ઝાલાનાઓને પોતાના સાહેદ તરીકે તપાસેલા છે. સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, આજથી વર્ષ પહેલા પોલીસે મને હુ રોડ પર ઉભો હતો ત્યારે સહી કરવાનુ કહેતા મે સહીઓ કરી આપેલી. સહી કઈ બાબતની હતી તેની મને ખબર નથી. મેં કહી વાંચેલ નહિ પોલીસ એ કાઈ સમજાવેલ નહિ મારી હાજરીમાં કોઈ ઈસમોને અટક કરી પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. આજરોજ મને આંક:૧૩ વાળા રેડ અંગેના પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં. ૦૧ તરીકે મારી સહી ઓળખી બતાવું છું.

તે તબબકે સાહેદ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય જેથી વિ.એ. પી.પી.શ્રી ટી.બી.સોલંકીનાઓએ ફરીયાદપક્ષના સાહેદને વિમુખ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા માટે પરવાનગી માંગતા સદર

પરવાનગી આપેલ તેમાં વિ.એ.પી.પી.પી.શ્રી ટી.બી.સોલંકીનાઓએ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછેલ તેમાં તેમણે એવી હકીકત જણાવેલ કે, એ વાત ખરી નથી કે તા. ૧૦/૦૮/૨૦૨૪ ના કલાક ૨૨.૪૦ થી તા. ૧૧/૦૮/૨૦૨૪ ના કલાક ૦૦.૪૫ વાગ્યાના સમયગાળા દરમીયાન વઢવાણ પોલીસ સાથે બાતમી રાહે રેડ કરી પંચનામાની વિગતવાળા ઈસમ ની કબ્જા હવાલાવાળી ટ્રાવેલ્સ બસમા રેડ કરી પંચનામાની વિગતવાળા ૦૬ ઈસમો પાસેથી રોકડા રૂ. ૧૮,૬૮૦/- મોબાઈલ નંગ ૦૮ કિંમત રૂ. ૫૩,૫૦૦/- સદરહુ બસ કિંમત રૂ. ૮,૦૦,૦૦૦/- તથા જુગારને લગત સાહિત્ય કિંમત ૦૦/- ગણી પંચનામાની વિગતે કબ્જે કરેલ. એ વાત ખરી નથી કે પંચનામુ અમો પંચોના લખાવ્યા મુજબ બરોબર હોય વાચી સમજી સહી કરેલ હોવા છતા કા.સં.બા.ને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

(૧૨) સદર કેસ માં બંને વિ. વકીલ શ્રી ઓને સાંભળ્યા. તેમજ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો ધ્યાને લીધો તથા રેકર્ડ વંચાણે લીધેલ છે. સદર કેસમાં ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો એ પંચનામાની હકિકતને સમર્થન કરેલ નથી. સદર ગુનાવાળી જગ્યા કે જુવેનાઈલને રમતા પંચોની હાજરીમાં પકડવામાં આવેલ હોય તેવી હકીકત ફરીયાદ પક્ષે સાબીત કરેલ નથી. તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. આમ જયારે પંચ સાહેદોને તપાસવામાં આવેલ ન હોય, પંચનામા બાબતેની કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ હતી કે કેમ તે અંગેનો કોઈ સ્પષ્ટ પુરાવો ફરીયાદ પક્ષે રજુ રાખેલ ન હોય તેમજ કોઈ સ્વતંત્ર સાક્ષીઓને તપાસવામાં આવેલ ન હોય ત્યારે આ તમામ સંજોગો ધ્યાનમાં રાખી તેમજ ફરીયાદી તથા સાહેદની જુબાની જોતાં જણાવેલ કે જુવેનાઈલના કબજામાંથી મુદામાલ મળી આવેલ નથી આમ તા. ૧૦/૦૮/૨૦૨૩ ના કલાક ૨૩.૩૦ વાગ્યે નાના કેરાળા ગામના પાટીયા પાસે રોડ ઉપર એવી રીતે કે આ કામના અન્ય આરોપી પોતાના કબ્જા હવાલાવાળી બસ રજીસ્ટર્ડ નં. જીજે.૦૨.ડબલ્યુ.૦૦૯૨ વાળીમા આરોપી નં. ૨ થી આરોપી નં. ૬ તથા તમોને બોલાવી પોતાના અંગત ફાયદા સારૂ નાળ ઉઘરાવી ગંજી પાના વડે પૈસાની હારજીતનો

તીનપતીનો જુગાર રમાડી બસમા જુગારનો અખાડો ચલાવી બસનો જુગાર રમવા ઉપયોગ કરી રેઈડ દરમ્યાન રોકડા રૂ. ૧૮,૬૮૦/- તથા મોબાઈલ નંગ ૮ કિંમત રૂ. ૫૩,૫૦૦/- તથા બસ રજીસ્ટર્ડ નં. જીજે.૦૨.ડબલ્યુ.૦૦૯૨ કિંમત રૂ. ૮,૦૦,૦૦૦/- તથા ગંજી પાનાના પાના નંગ ૫૨(બાવન) કિંમત રૂ. ૦૦/- મળી કુલ રૂ. ૮,૭૨,૧૮૦/- ના મુદ્દામાલ સાથે બધા ઈસમો જુગાર રમતા પકડાઈ જઈ જુગારધારા કલમ: ૪, ૫ મુજબના કામે ગુનો કરેલ હોય આ કામના ફરીયાદી નો પુરાવો ધ્યાને લેતાં તેમણે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને તકસીર વાન ઠરાવી શકાય તેવો કોઈ જ પુરાવો ફલીત ન થતો હોય અને તેવા સંજોગો માં આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર તેમના પર આક્ષેપીત ગુન્હાનાં કામે નિર્દોષ છુટવા હકકદાર બનતા હોવાનાં તારણ પર આ બોર્ડ આવતુ હોય જેથી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક તર્ફે મુદા નંબર ૦૧ નો જવાબ નકારમાં આપી મુદા નંબર ૦૨ પરત્વે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: હુકમ ::**

**(૧)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ-૨૭૮ અન્વયે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની [redacted] જી. સુરેન્દ્રનગરનાઓને જુગારધારા કલમ: ૪, ૫ ના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી આથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ-૪૮૦ અન્વયે જુવેનાઈ લ એ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આપેલ જામીનખત આખરી હુકમ વિરૂધ્ધ જો અપીલ કોર્ટમાં, અપીલ દાખલ થાય તેવા સંજોગોમાં હાલના જુવેનાઈલો અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે છ માસની સમય મર્યાદા માટે જુવેનાઈલોના વાલીના જામીનખત તથા જાતમચુરકા ચાલુ રાખવા હુકમ કરવામાં આવે છે.

(૩) બાળ ન્યાય (બાળકો માટે સુરક્ષા અને સંભાળ) અધિનિયમ ૨૦૧૫ – ની કલમ ૨૪ વંચાણે લેતા અને રજુ થયેલ હકીકતો ના અસ્તિત્વ માં આથી સ્પષ્ટ કરવાનું કે, સબબ કામે બાળ કિશોરને સમગ્ર પ્રક્રિયા બાદ, નિર્દોષ જાહેર કરવામાં આવેલ હોઇ, આ ગુનાનું રેકર્ડ/માહિતી ધરાવતા તમામ પોલીસ કચેરીને બાળ કિશોરના ગુનાને લગત તમામ રેકર્ડ નિયમ અને કાયદાને આધિન નષ્ઠ કરવાનો આદેશ કરવામાં આવે છે અને જોઇ કોઈ પણ કચેરી ને તેઓ દ્ધારા આ ગુનાના સંબંધમાં બાળ કિશોરને હિતને અસર કરતી કોઇ માહિતી/અહેવાલ મોકલવામાં આવેલ હોય, તો આ હુકમની નકલ પ્રાપ્ત થયેથી તે પરત ખેચવા/તેની અસર નષ્ટ કરવા જરૂરી પત્ર વ્યવહાર કરવો.

આ હુકમ આજરોજ તા.: ૦૮ મી, માહે: જુલાઈ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લા બોર્ડમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૦૮/૦૭/૨૦૨૬

**મુકામ :** સુરેન્દ્રનગર.

**(ટી.એ.ભાડજા)**
**પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ,**
**જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ,**
**સુરેન્દ્રનગર.**
**જજ કોડ જીજે–૦૧૩૯૯**

**(કે. વી. શુકલ)**
સભ્યશ્રી
જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ,
સુરેન્દ્રનગર.

**(એસ.આર.રાવલ)**
સભ્યશ્રી
જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ,
સુરેન્દ્રનગર.